## ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ)
## આદિજાતિ વિકાસ વિભાગ,
## ગુજરાત સરકાર

# જાહેર નિવિદા
## લાભાર્થી પસંદગી માટેની જાહેરાત

ભારત સરકારશ્રીની આર્ટીકલ ૨૭૫(૧) યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ''વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા સાધન સહાય આપવાની યોજના'' હેઠળ પાત્રતા ધરાવતા આદિજાતિ ખેડુતોને ૧૦ ગુંઠા જમીનમાં વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા માટે સાધન સહાય લાભાર્થી દીઠ રૂા. ૧૪,૫૬૦/- ની રકમ ત્રણ હપ્તામાં સીધા લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે. જે આદિજાતિ ખેડૂતો આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ **www.dsagsahay.gujarat.gov.in** પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કરવા માટે સંબંધિત VCE (વી.સી.ઈ), ઈ-ગ્રામ કેન્દ્ર, ગ્રામ પંચાયતના કોમન સર્વિસ સેન્ટર (CSC), સાયબર કાફે તથા ઈન્ટરનેટ કનેકશન અને સ્કેનર ધરાવતા કોઈ પણ કોમ્પ્યુટર ઉપરથી કરી શકાશે.

| | |
|---|---|
| ઓનલાઈન અરજી શરૂ થવાની તારીખ | ૧૯-૧૦-૨૦૨૨ |
| ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ | ૧૯-૧૧-૨૦૨૨ |

**- વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા સાધન સહાય આપવાની યોજના માટેના જીલ્લાઓના નામ :**

(૧) બનાસકાંઠા (૨) સાબરકાંઠા (૩) અરવલ્લી (૪) મહીસાગર (૫) પંચમહાલ (૬) દાહોદ (૭) છોટાઉદેપુર (૮) નર્મદા (૯) ભરૂચ (૧૦) તાપી (૧૧) સુરત (૧૨) નવસારી (૧૩) વલસાડ (૧૪) ડાંગ

**લાભાર્થીની પાત્રતા**

૧. આદિજાતિ ખેડૂત.
૨. ૦ થી ૨૦ નો બી.પી.એલ. સ્કોર ધરાવતા આદિજાતિ ખેડૂત.
૩. વન અધિકાર અધિનિયમ હેઠળ ફાળવેલ જમીન ધારક.
૪. Pvtg (આદિમ જૂથ)ના ખેડૂત.

**અરજદાર માટેની સૂચના**

૧. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ પછી અરજદાર અરજી કરી શકશે નહિ.
૨. યોજના હેઠળ માત્ર ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવશે. કોઈ પણ કચેરીએથી અરજી ફોર્મ વિતરણ કરવામાં આવનાર નથી.
૩. અરજી માટેના આધાર પુરાવા (રાશનકાર્ડ, જાતિનો દાખલો, આધારકાર્ડ, ૭/૧૨ નમુનો, બી.પી.એલ.નો દાખલો, બેંકની વિગતો અને પાસપોર્ટ સાઈઝનો ફોટો)

**મુખ્ય કારોબારી અધિકારી**
**ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**
**ગાંધીનગર**

**માહિતી/૧૭૭૫/૨૨-૨૩**